
# ઈરાનથી ગુજરાત સુધી: ફારસી ભાષાની સુગંધ આપણા શબ્દોમાં

## ફાયરવોલ
**રાજ ગોસ્વામી**

આજકાલ ઈરાન વૈશ્વિક રાજકારણના કેન્દ્રમાં છે. અમેરિકા અને ઈઝરાયેલે આદરેલા યુદ્ધના કારણે સમાચાર ચેનલો અને અખબારોમાં ઈરાન સતત ચર્ચાનો વિષય બન્યું છે. યુદ્ધ, પ્રતિબંધો અને રાજકીય ટકરાવના આ શોરમાં આપણે ઈરાનને માત્ર એક રાજકીય શક્તિ તરીકે જ જોતા થઈએ છીએ. પરંતુ ઈરાનની વાત એટલી સીમિત નથી, ખાસ તો ભારતના સંદર્ભમાં. તે એક એવી પ્રાચીન સંસ્કૃતિનો વારસદાર દેશ છે, જેણે સદીઓ સુધી એશિયાની ભાષાઓ, સાહિત્ય અને સંસ્કૃતિને પ્રભાવિત કરી છે.

આ પ્રભાવનો એક રસપ્રદ અંશ આપણાં રોજિંદા જીવનમાં પણ છુપાયેલો છે; ગુજરાતી ભાષામાં. કદાચ આપણને ખ્યાલ પણ નહીં હોય કે આપણે રોજ બોલતા ઘણા શબ્દો ફારસી ભાષાના છે. સદીઓ પહેલાં ઈરાન અને ભારત વચ્ચે બનેલા સાંસ્કૃતિક અને વેપારી સંબંધોએ ફારસી ભાષાને ગુજરાત સુધી પહોંચાડી હતી. સમય જતા આ શબ્દો ગુજરાતીમાં એટલા ભળી ગયા કે હવે તેઓ આપણાં જ લાગે છે.




ગુજરાતનો ઈતિહાસ હંમેશા દરિયાઈ વેપાર માટે પ્રખ્યાત રહ્યો છે. ખંભાત, સુરત અને કચ્છના બંદરો એક સમયે મધ્યપૂર્વ, અરબ દેશો અને ઈરાન સાથેના વેપારનાં મહત્વનાં કેન્દ્ર હતાં. અરબી અને ફારસી વેપારીઓ સદીઓ પહેલાં અહીં આવતા. તેઓ મસાલા, કપડાં અને અન્ય વસ્તુઓના વેપાર સાથે ભાષા અને સંસ્કૃતિ પણ લઈને આવતા.

આ સંપર્કના કારણે ફારસી અને અરબી શબ્દો સ્થાનિક બોલચાલમાં ધીમે ધીમે પ્રવેશવા લાગ્યા. આ રીતે ભાષાનો એક અનોખો સંગમ સર્જાયો. તે પછી ભારતમાં મુગલ શાસન દરમિયાન ફારસી રાજકીય અને પ્રશાસકીય ભાષા બની ગઈ હતી. દરબાર, અદાલત અને દફતરોમાં ફારસીમાં કામ થતું. શાસન વ્યવસ્થાના દસ્તાવેજો, ફરમાનો અને હિસાબ-કિતાબ ફારસીમાં લખાતા.

ગુજરાત તે સમયે મુગલ સામ્રાજ્યનો મહત્વનો પ્રાંત હતું. એટલે અહીંના શાસનતંત્રમાં પણ ફારસી શબ્દો પ્રચલિત બન્યા. આજે પણ આપણે જે શબ્દો વાપરીએ છીએ- દફતર, દરબાર, હિસાબ, અરજ, કાગળ, અદાલત- તે ફારસી ભાષાના વારસામાંથી આવેલા છે. સમય સાથે આ શબ્દો સ્થાનિક બોલચાલમાં એટલા ઓતપ્રોત થઈ ગયા કે હવે તેઓ ગુજરાતી શબ્દો જેવા જ લાગે છે.

ગુજરાતી ભાષામાં ફારસી શબ્દોની હાજરી ખૂબ વ્યાપક છે. ખાસ વાત એ છે કે આ શબ્દો માત્ર સાહિત્ય કે શાસન સુધી સીમિત નથી રહ્યા; તેઓ સામાન્ય જીવનમાં પણ પ્રવેશી ગયા છે. જેમ કે ખરીદી કરવા જતાં આપણે 'બજાર' શબ્દ વાપરીએ છીએ, જ્યારે ઓફિસને 'દફતર' કહીએ છીએ. કોઈ માહિતી માટે 'ખબર' પૂછીએ છીએ અને કોઈ મદદ કરે તો 'મહેરબાની' કહીએ છીએ. 'દરવાજો', 'હિસાબ', 'અંદાજ', 'દુનિયા', 'દોસ્ત', 'દર્દ' જેવા અનેક શબ્દો ફારસી મૂળ ધરાવે છે.

આ શબ્દો હવે એટલા સ્વાભાવિક બની ગયા છે કે આપણે તેમની પરદેશી મૂળભૂતતા વિશે વિચારતા પણ નથી. ફારસી ભાષા તેની કાવ્ય પરંપરાને કારણે વિશ્વભરમાં જાણીતી છે. રૂમી, હાફિઝ અને સાદી જેવા મહાન કવિઓએ ફારસી કાવ્યને અદભૂત ઊંચાઈ આપી છે.

ભારતીય ઉપખંડમાં સુફી પરંપરા અને ફારસી કાવ્યના પ્રભાવથી ઉર્દૂ અને અન્ય ભાષાઓમાં ગઝલની પરંપરા વિકસતી ગઈ. ગુજરાતમાં પણ ગઝલ અને શાયરીએ પોતાનું સ્થાન બનાવ્યું. અને એટલે જ 'દિલ', 'મહોબ્બત', 'આશિક', 'જફા', 'વફા' જેવા શબ્દો ગુજરાતી ગઝલોમાં સરળતાથી જોવા મળે છે. આ શબ્દો માત્ર ભાષાને સમૃદ્ધ બનાવતા નથી; તે ભાવના વ્યક્ત કરવાની એક નવી શૈલી પણ આપે છે. આ તમામ શબ્દો અરબીમાં પણ છે. ફારસીનો પ્રભાવ ત્યાં પણ મજબૂત છે.

ગુજરાત અને ઈરાનના સંબંધોમાં પારસી સમુદાયનું વિશેષ સ્થાન છે. લગભગ એક હજાર વર્ષ પહેલાં ઝરથુષ્ટ્ર ધર્મના અનુયાયીઓ ઈરાનમાંથી ભારત આવ્યા અને ગુજરાતના દરિયાકાંઠે વસ્યા. આ સમુદાયે ગુજરાતની સંસ્કૃતિ સાથે સુમેળ સાધ્યો, પરંતુ સાથે સાથે પોતાની પરંપરાઓ અને ભાષાકીય વારસો પણ જાળવી રાખ્યો. પારસી સમાજના માધ્યમથી ફારસી સંસ્કૃતિ અને ગુજરાતી સમાજ વચ્ચે એક જીવંત પુલ સર્જાયો.

ભાષા ક્યારેય એકલવાયી નથી રહેતી. જ્યાં લોકો મળે છે ત્યાં શબ્દો પણ મળે છે. વેપાર, પ્રવાસ, મિત્રતા અને ક્યારેક યુદ્ધ, આ બધું ભાષાને બદલતું અને સમૃદ્ધ બનાવતું રહે છે. ફારસીનો પ્રભાવ ખાસ કરીને રસપ્રદ છે, કારણ કે તે માત્ર થોડા શબ્દો સુધી સીમિત નથી રહ્યો; તેણે ભાષાની અભિવ્યક્તિમાં એક નરમાઈ અને કાવ્યાત્મકતા ઉમેરેલી છે.

હું આ લેખ માટે શોધખોળ કરતો હતો, ત્યારે 1982માં પ્રગટ થયેલો 'ગુજરાતી, અરબી, ફારસી શબ્દ કોશ' રેખ્તા ગુજરાતી પર મળ્યો. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના હીરક મહોત્સવ નિમિત્તે હમિરમિયાં હમદુમિયાં ફારૂકી નામના લેખકે આ શબ્દોને ગ્રંથસ્થ કર્યાં હતા. એમાં જે ગુજરાતી-કમ-ફારસી-કમ-અરબી શબ્દોની વાત છે તે, ઉપર લખ્યા તે તમામ શબ્દો કરતાં, નવી અને દિલચસ્પ છે.

જેમ કે આપણે શુદ્ધ, નિષ્કપટ કે પારદર્શી માટે 'નિખાલસ' શબ્દ વાપરીએ છે. આ ઠેઠ ગુજરાતી શબ્દ લાગે છે. પણ શબ્દકોશ કહે છે કે તે 'ખાલિસ' શબ્દ પરથી આવે છે; અર્થ છે, જેમાં મિલાવટ ન હોય, ખોટ ન હોય, દોષ ન હોય તેવું.

એક બીજો ગુજરાતી શબ્દ છે, નાહક. અર્થ થાય છે, વિના કારણ, નકામું, ખોટી રીતે; 'રહેવા દે ને, નાહક એને ઉશ્કેરીશ નહીં.' અરબી શબ્દ છે; ના-હક, જેના પર હક ન હોય તે. એક શબ્દ છે, નેજવું. કચ્છના લોકો આ શબ્દ બહુ વાપરે છે; આંખ ઉપર છાપરાની જેમ હથેળી રાખીને જોવું. મૂળ ફારસી શબ્દ છે, નયજહ અને અર્થ છે; બારસાખના આગળના ભાગને ટેકો આપતું લાકડું. એવી જ રીતે, પંચરંગી શબ્દ સંપૂર્ણ ગુજરાતી બની ગયો છે, પણ છે ફારસી; 'પંજ' (પાંચ) અને 'રંગ' (રંગ)નું મિશ્રણ.

કચ્છ-કાઠીયાવાડમાં એક શબ્દ છે, પલાણવો. અર્થ થાય છે, ઘોડા પર સવાર થવું. મૂળ ફારસી શબ્દ છે, પલાણ અને અર્થ થાય છે- ગધેડા પરની કાઠી. 'પરેજી પાળવી' શબ્દ મૂળ ફારસી 'પરહેજ' પરથી આવે છે; કેદીને જુદી કોટડીમાં (પરેજ) રાખવા. પલક શબ્દ ફારસી છે અને તેના પરથી ગુજરાતીમાં પલકારો આવ્યો છે. સુરતી લોકો છોકરા માટે પોયરો (અને છોકરી માટે પોરી) શબ્દ વાપરે છે. મૂળ ફારસી શબ્દ છે, પોરિયો અને અર્થ છે છૈયો (છોકરો). ગુજરાતીમાં 'બાળપણ' શબ્દનું મૂળ ફારસી 'બચ્ચહ' (બચપણ) છે. ફારસીમાં બળદ માટે 'બચ્ચો' શબ્દ છે. ચરોતરમાં મેં ખેડૂતોના મોઢે 'બાચકો' શબ્દ બહુ સાંભળેલો; અનાજ કે અન્ય વસ્તુ ભરેલો નાનો કોથળો, ગૂણ કે ગાંસડી. મૂળ ફારસી શબ્દ છે, બુકચહ, અને અર્થ છે- લૂગડાં વગેરેની પોટલી અથવા પાંચ આંગળીઓ વચ્ચે પકડેલો જથ્થો.

આ શબ્દકોશની પ્રસ્તાવનામાં હમિરમિયાં હમદુમિયાં ફારૂકી લખે છે, 'ગુજરાતી ભાષાની સેવા એક મુસલમાનને હાથે થાય, તેમાં ભૂલ હોવાના સંભવો હોય જ, તો તે પ્રમાણે આમાં પણ ભૂલ જણાય તો દરગુજર કરી મને ખબર આપી આભારી કરશો.'

બાય ધ વે, દરગુજર ફારસી શબ્દ છે. અર્થ થાય છે, જોયું-નાજોયું કરવું.

> **ભારતીય ઉપખંડમાં સુફી પરંપરા અને ફારસી કાવ્યના પ્રભાવથી ઉર્દૂ અને અન્ય ભાષાઓમાં ગઝલની પરંપરા વિકસતી ગઈ. ગુજરાતમાં પણ ગઝલ અને શાયરીએ પોતાનું સ્થાન બનાવ્યું અને એટલે જ 'દિલ', 'મહોબ્બત', 'આશિક', 'જફા', 'વફા' જેવા શબ્દો ગુજરાતી ગઝલોમાં સરળતાથી જોવા મળે છે**

---

# લાઈન-સંવાદ

## બોલ્યું-ચાલ્યું માફ
**ઉર્વિશ કોઠારી**

આમ તો ગુજરાતમાં લાઇનની નવાઈ નથી. દર્શનની લાંબી લાઇનોથી માંડીને ખાદ્યસામગ્રીની જાણીતી દુકાનો-લારીઓ પર લોકો અવારનવાર, હોંશે હોંશે, કશી ફરિયાદ વિના, લાઇનો લગાડતા જ હોય છે. આપણી પ્રજા લાઇન લગાડવા માટે પશ્ચિમી દેશોના લોકોની જેમ આઇ ફોનનું નવું મોડેલ આવે તેની રાહ જોતી નથી. એમાં પણ કોરોનાયુગ પછી ફરિયાદ વિના લાઇનમાં ઊભા રહેવામાં ભારતીયોની રહીસહી કચાશ પણ દૂર થઈ ગઈ છે. ભવિષ્યમાં કોઈ 'ગુજરાત'ને 'ક્યૂજરાત' જેવા લાડકા નામે સંબોધે તો નવાઈ ન લાગવી જોઈએ.

લાઇન સાથે અમિતાભ બચ્ચનનો જૂનો સંબંધ છે. એક ફિલ્મમાં તેમનો એ મતલબનો સંવાદ હતો: 'હમ જહાં ખડે હોતે હૈં, લાઇન વહીં સે શુરૂ હોતી હૈ.' પરંતુ સુજ્ઞજનો જાણે છે કે જૂના સંબંધ સાથે આપણા વડાપ્રધાનનો જૂનો સંબંધ છે. તે કોઈ પણ ચીજ સાથેનો તેમનો જૂનો સંબંધ ઊભો કરી શકે છે. અલબત્ત, તેમને ન્યાય ખાતર કહેવું જોઈએ કે લાઇન સાથે તેમનો ખરેખર જૂનો સંબંધ છે. તે બચ્ચનના ડાયલોગમાં જરા ફેરફાર સાથે કહી શકે, 'મૈં જબ (ટીવી પે) ખડા હોતા હું, લાઇન ઉસી વક્ત શુરૂ હો જાતી હૈ.' વડાપ્રધાનની પ્રતિષ્ઠા એવી છે કે તે ટીવી પર સંબોધન કરવાના છે, એવી આગોતરી જાણ થતાં જ લોકો લાઇનમાં ઊભા રહેવા માટે કમર કસે છે. તેમને એવો વિચાર નથી આવતો કે વડાપ્રધાન શું કહેશે. તેમને એવા જ વિચાર આવે છે કે આ વખતે તેમના બોલ્યા પછી આપણે ક્યાં જઈને લાઇનમાં ઊભા રહેવાનું થશે? આ વખતે તેમણે એવું જાહેર કર્યું કે પેટ્રોલની તંગી નથી. કદાચ માર્ક ટ્વેઈનના (કે એવા જ કોઈના) નામે ચડેલું એક અવતરણ છે: 'જ્યાં સુધી નેતાઓ સત્તાવાર રદીયો ન આપે, ત્યાં સુધી એ વાત પર કદી વિશ્વાસ મુકવો નહીં.' લોકોએ આ અવતરણ ભલે ન વાંચ્યું હોય, પણ આ રાજ તો જોયું છે. કૌટુંબિક બીમારી વખતે દૂર રહેતા સ્વજન પર ફોન આવે કે 'વડીલ સિરીયસ નથી, પણ તમે આવી જાવ', એટલે તે સંદેશનો ગૂઢાર્થ ઉકેલીને એડવાન્સમાં રોકકળ શરૂ થઈ જાય છે. વડાપ્રધાનના આશ્વાસનને પણ ઘણા લોકોએ એવી જ રીતે લીધું અને પેટ્રોલ પમ્પ પર હડી કાઢી. પેટ્રોલ પમ્પો પર ટ્રાફિક જામ થયો, પોલીસ બોલાવવી પડી અને પેટ્રોલ પમ્પોની ટાંકીનાં તળીયાં ખાલી થઈ ગયાં. ઘણા




ગુજરાતીઓએ તેમનાં વાહનોની ટાંકીઓ ફુલ કરાવીને વડાપ્રધાનની વિશ્વસનીયતા પર મહોર મારી દીધી.

એવી પરિસ્થિતિમાં લાઇનમાં ઊભેલાં પાત્રો વચ્ચેનો વાસ્તવિક હોઈ શકે એવો કાલ્પનિક સંવાદ.

ચાલક 2: (ચાલક 1 સામે જોઈને) શું થયું? તમે કેમ આટલા બધા ખુશ છો? પમ્પવાળાએ ટાંકી ફુલ કરીને ઉપરથી એક્સ્ટ્રા કેરબો ભરી આપવાનું કહ્યું છે?

ચાલક 1: ના રે, હું કંઈ એવો સ્વાર્થી નથી. મને તો એ વાતનો હરખ છે કે એક બાજુ ઈરાનમાં લોકો મરી રહ્યા છે, અમેરિકામાં ટ્રમ્પ સલવાયા છે, હોર્મુઝની ખાડીમાં જહાજો અટવાયાં છે, ત્યારે આપણા દેશ માટે કંઈક કરી છૂટવાની સાહેબે તક આપી.

ચાલક 3: પણ તમારે દેશ માટે કંઈક કરવું જ હતું તો ઘરે બેસવું હતું ને ભલા માણસ.

ચાલક 1: કસોટીની ઘડી આવે ત્યારે ઘરે બેસી રહે તે બીજા. અહીં તો વતનની હાકલ પડે એટલે મેદાનમાં ઉતરી જ પડવાનું.. તમને ખબર નહીં હોય, આપણા આખ્ખા ફેમિલીની નસોમાં લોહીને બદલે રાષ્ટ્રવાદ વહે છે. મારો સન હજુ બે દિવસ પહેલાં જ.

ચાલક 2: ...આર્મીમાંથી રજા પર આવ્યો?

ચાલક 1: (પોરસાઈને) હોતું હશે? બીજી વાર 'ધુરંધર'નો બીજો ભાગ જોઈ આવ્યો ને કેટલાય લોકો જોડે ફેસબુક પર બાખડી ચૂક્યો છે. કહ્યું નહીં? અમારા લોહીમાં....

ચાલક 4: તે તમે તમારા એક્ટિવામાં પેટ્રોલ પુરાવો કે પછી તેમાં પણ રાષ્ટ્રવાદ...?

ચાલક 1: જોયું? આવા ઘરના ઘાતકીઓ લોકોને કારણે જ દેશ ઊંચો નથી આવતો. તેમને કશી કદર જ નથી.

ચાલક 3: પણ લાઇનમાં ઊભા રહેવાની કદર કોને થાય? શી રીતે થાય?

ચાલક 1: કેમ વળી? અમે રાષ્ટ્રવાદીઓ સાહેબની એક હાકલ પર તે કહે તે કરવા કે ન કરવા ઝંપલાવી દઈએ. સરહદો પર જવાનો ઊભા નથી રહેતા? તો પછી અહીં આપણને ઊભા રહેતાં શાની ચૂંક આવે છે?

ચાલક 4: પણ આમાં સરહદ ક્યાં આવી? અને ત્યાં જવાનો કંઈ પેટ્રોલ લેવા લાઇનમાં ઊભા નથી રહેતા.

ચાલક 1: જો, છે ને? છે ને? વાંકું જ બોલવાનું... અને જવાનો વિશે પણ ગમે તેમ બોલવાનું. આવા લોકો પછી સાહેબના નિર્ણયોની ટીકા કરે. એ તો બિચારા સાહેબ છે કે આટઆટલી ટીકા સહન કરીને પણ દેશનું ભલું કરવાનું છોડતા નથી.

ચાલક 2: એટલે કે, આપણને લાઇનમાં ઊભા કરવાનું છોડતા નથી...

ચાલક 1: સાહેબના પ્રતાપે આટલાં વર્ષથી વાહન ફેરવો છો, આટલાં વર્ષથી સાહેબની કૃપાથી જ્યારે માગો ત્યારે, જોઈએ એટલું પેટ્રોલ મળ્યું છે, તો એક વાર પમ્પ પર ઊભા રહેવામા કેમ જોર આવે છે? ખરેખર, તમે લોકો સાહેબ જેવી વિભૂતિને લાયક જ નથી.

ચાલક 2-3-4: એ તો ખબર નથી, પણ તમારા જેવા લોકો સાહેબને જ લાયક છે. તમારે 'સાહેબિસ્તાન' નામનો એક દેશ બનાવીને તેમાં વસી જવું જોઈએ.

એવામાં લાઇન થોડી આગળ વધતાં જ ચાલક-1 ઉત્સાહભેર પોકારી ઉઠે છે,'ભારતમાતાકી જય...વંદે માતરમ્.'

> **આપણી પ્રજા લાઇન લગાડવા માટે પશ્ચિમી દેશોના લોકોની જેમ આઇ ફોનનું નવું મોડેલ આવે તેની રાહ જોતી નથી. એમાં પણ કોરોનાયુગ પછી ફરિયાદ વિના લાઇનમાં ઊભા રહેવામાં ભારતીયોની રહીસહી કચાશ પણ દૂર થઈ ગઈ છે**

---

# ઈશિતાનું અલકમલક

## વિધવા પત્નીનું ઉઠમણું કોણે કરી નાખ્યું?

ભલભલા ડિટેક્ટિવનું ય ભેજું ચક્કર ખાઈ જાય એવી એક અજબ ઘટના થોડાં વર્ષ અગાઉ બની હતી. એક વ્યક્તિ - જગત( નામ બદલ્યું છે )એ જંગી પ્રીમિયર ભરીને ૫૦-૫૦ લાખ રૂપિયાના અકસ્માતને લગતા બે વીમા ઉતરાવ્યા. થોડા સમય બાદ જગતનું એક રોડ અકસ્માતમાં મોત થયું. એમના પરિવારે વીમાના રૂપિયા 1 કરોડનો દાવો નોંધાવ્યો. પોલીસે જોઈતા દસ્તાવેજો ઓકે કર્યા. વીમાની રકમ ચૂકવવાની બધી તૈયારી થઈ ગઈ.



**અકસ્માતના 'ભોગ' બનેલા પતિની અંતિમક્રિયા**

ન જાણે કેમ વીમા કંપનીની એક સીનિયર અધિકારીને કંઈક શંકા ઉપજી. એણે ખાનગી ડિટેક્ટિવ રોકીને તપાસ માંડી તો બહાર આવ્યું કે જગતનું મોત એક્સિડન્ટમાં નહોતું થયું પણ એની હત્યા થઈ હતી! આનાથી પણ વધુ સ્ફોટક રહસ્ય એ બહાર આવ્યું કે 'રોડ અકસ્માત'માં એનું 'મોત' થાય એવી ઘટના ઉપજાવવાનો પ્લાન ખુદ જગતનો હતો અને કહેવાતા એ અકસ્માત પછી જગત કોઈ વિદેશના અજ્ઞાત સ્થળે અલોપ થઈ જાય. આ સમસ્ત યોજનામાં એની પત્ની પણ સામેલ હતી! વીમાની રકમ પત્નીને મળી જાય પછી એ પણ 'સદગત' પતિ પાસે વિદેશ પહોંચી જાય! જો કે આ યોજનામાં ગજબનો વળાંક એ હતો કે જગતની હત્યા ખુદ એની પત્નીએ સોપારી દઈને કરાવી હતી અને ત્યાર બાદ મૂળ પ્લાન મુજબ 'પતિનું મોત અકસ્માતમાં થયું છે' એવું જાહેર કરવામાં આવ્યું પણ છેલ્લી ઘડીએ વીમા ઓફિસરની સજાગતાથી જગતની પત્ની સહિતના હત્યારા ઝડપાઈ ગયા. આ થોડી જૂની ઘટના 'ઈશિતા'એ અહીં એટલા માટે યાદ કરી કારણ કે જગતના જેવો જ એક સમાંતર કિસ્સો તાજેતરમાં બન્યો છે. મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લાના એક ટાઉનના રહેવાસી એવા રાજેન્દ્ર જાધવનું ટુ- વ્હીલર અકસ્માતમાં ગંભીર ઈજા પછી મોત થયું છે એવી રજૂઆત કરી એની પત્ની અરુણાએ સદગત પતિના રૂપિયા ૫૦ લાખના અકસ્માત વીમાની રકમ મેળવવા વીમા કંપનીને અરજી કરી. અરજીની સાથે પત્ની અરુણાએ અકસ્માતના પોલીસ પેપર્સ ઉપરાંત જયાં પતિની સારવાર થઈ હતી એ હોસ્પિટલના સંબંધિત દસ્તાવેજો પણ વીમા કંપનીને પહોંચાડયા. વીમાની રકમ રૂપિયા ૫૦ લાખ પણ પત્નીને આપવાની બધી જ વિધિ આટોપી લેવામાં આવી હતી પણ વીમા કંપનીના એક અધિકારીની ચકોર નજરે પારખી લીધું કે આ કેસમાં કેટલીક વિસંગતિઓ છે. અધિકારીએ ખાનગી રીતે તપાસ માંડી તો જાણવા મળ્યું કે ચાર -પાંચ ખાનગી વીમા કંપનીમાં મૃતકના નામે કુલ ૫૦ લાખના અકસ્માત વીમા લેવામાં આવ્યા હતા. પોલીસ ચોપડે એવી નોંધ હતી કે રાજેન્દ્ર જાધવને અકસ્માત ૨૦૨૫માં નડ્યો પછી હોસ્પિટલ સારવારમાં એ મરણ પામ્યો. હકીકત કંઈક બીજી જ હતી. એ અકસ્માતમાં નહીં પણ લીવરની લાંબી બીમારી પછી મરણ પામ્યો હતો અને એ પણ ૨૦૨૪ના! રાજેન્દ્રના મરણ પછી એના નામે વિવિધ કંપનીમાં કુલ ૫૦ લાખના વીમા ઉતારવામાં આવ્યા અને પછી એની પત્નીએ ૨૦૨૫માં અકસ્માત વીમાની રકમ માટે અરજી કરી. પેલા ચકોર વીમા અધિકારીએ આ ષડયંત્રની જાણ પોલીસને કરી અને પછી પોલીસે આ કહેવાતા અકસ્માતના ફ્રોડ માટે એક ડોક્ટર - ચાર પોલીસ કર્મચારી અને બે વીમા એજન્ટ અને આ રીતે ૫૦ લાખ ઘરભેગા કરવાનો માસ્ટર પ્લાન ઘડનારી મૃતકની પત્ની અરુણા જાધવ સહિત કુલ ૯ લોકોને પોલીસે ઝબ્બે કર્યા. હવે સહેજે સવાલ એ થાય કે આ કિસ્સામાં કશી ગરબડ છે એનો અંદેશો પેલા વીમા અધિકારીએ કઈ રીતે આવ્યો? વેલ, પેલા મૃતકની એક તસવીર એના ઘરમાં હતી, જેના પર એની મરણ તારીખ ૨૩ ફેબ્રુઆરી - ૨૦૨૪ લખી હતી, જે પેલા વીમા અધિકારીની તીક્ષ્ણ નજરે નોંધી લીધું હતું ને પરિણામે પેલી વિધવા પત્નીના ફરેબી પ્લાનનું ઉઠમણું થઈ ગયું!

## ખોટા કામમાં 'સાચો' રુઆબ

આપણા દેશમાં કોઈ નકલી રાજકુમાર બનીને લૂંટે અને પછી એ કેવી રીતે ઝડપાય છે એની વાત તમે 'ઈશિતા' પાસેથી ગયા અઠવાડિયે જાણી તો હવે જાણો, વિદેશમાં કોઈ ધનવાન પરિવારની એક માત્ર વારસદાર બનીને લોકોને કઈ રીતે ધૂતી રહી હતી એક ફૂટડી યુવતી. આ કિસ્સો છે થોડા સમયના વિસા લઈને અમેરિકા આવેલી પછી પરત ગઈ જ નહીં એવી એક જર્મન યુવતીનો. પોતાને ન્યૂયોર્ક - મેનહટ્ટનના એક



**અપરાધી જર્મન યુવતી સોરોકીનો**

અતિ શ્રીમંત પરિવારની પુત્રી તરીકે ઓળખાવતી આ યુવતી સોરોકીનાએ અમેરિકામાં અન્ના ડેલવે નામ ધારણ કર્યું હતું. પોતાના નામનું તગડી રકમનું એક ટ્રસ્ટ છે અને મેનહટ્ટનના શ્રીમંત પરિવારની એ પોતે એક માત્ર વારસદાર છે એવો આબાદ દેખાવ એણે સર્જ્યો. પછી ખાસ ચૂંટેલા ધનવાનો માટે એણે આર્ટ ક્લબ શરૂ કરી. આ ક્લબમાં આવતી - વેચાતી કળાકૃતિઓની લેતી-દેતીના નામે એ લાખો ડોલરની ગેરકાયદે હેરાફેરી કરતી. એ રકમથી પોતે વૈભવી જલસા કરતી. એનો આ ઠાઠ બે-ત્રણ વર્ષ માંડ ટક્યો. પછી કાયદાની ચકોર નજરે ચઢી ગઈ. આર્થિક ગુના હેઠળ કામ ચાલ્યું ને એને ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી. બે વર્ષ જેલમાં ગાળ્યાં પછી યુવતી સોરોકીના પેરોલ પર કામચલાઉ બહાર આવી પણ એની હિલચાલ પર ધ્યાન રહે એ માટે એના એક પગ પર બ્રેસલેટ જેવી ઈલેક્ટ્રોનિક કડી બાંધવામાં આવી છે. પેરોલ પર છૂટ્યા પછી સોરોકીના અખબારો-ટીવી ચેનલો માટે સેલિબ્રિટી બની ગઈ છે. જેલમાં રહીને એ પોડકાસ્ટ શરૂ કરવાની છે, જેમાં એની સાથે જેલવાસ ગાળી રહેલી જાણીતી વ્યક્તિઓના ઈન્ટરવ્યૂ હશે. એ જ રીતે, પોતાના જેલવાસના અનુભવો પર એ પુસ્તક પણ લખી રહી છે એવી પોસ્ટ એણે સોશ્યલ મીડિયામાં વહેતી મૂકી છે. એ કહે છે: ''જેલમાંથી છૂટ્યા પછી એ પોતાનો આર્ટનો વેપાર પણ વિકસાવવા ઈચ્છે છે કારણ મને આર્ટ પીસની હેરાફેરી માટે જે સજા ફટકારવામાં આવી છે એ સદંતર ખોટી છે. એ સજા વિરુદ્ધ પણ હું લડવાની છું!'' ખોટા ધંધામાંય રોફ તો સાચો જમાવવો પડે તો જ લોકો સાંભળે તે આનું નામ!

## ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» દેશમાં નિયમિત અંતરે નશીલા પદાર્થના ખબરઅંતર રાખવા સર્વેક્ષણ થતાં રહે છે. આવા એક તાજેતરમાં સર્વે અનુસાર ગુજરાતમાં ડ્રગ્સનું દૂષણ ઉત્તરોત્તર વધી રહ્યું છે. એ અનુસાર આજે ગુજરાતમાં આશરે ૨૦ લાખ જેટલાં લોકો ડ્રગ્સના બંધાણી છે, એમાં ૧૭ લાખ ૮૫ હજાર જેટલા પુરુષ અને આશરે ૧ લાખ ૮૫ હજાર જેટલી મહિલા નશીલા પદાર્થનું નિયમિત સેવન કરે છે... નિશાળ જતાં અનેક બાળકો પણ આ બૂરી લતમાં ફસાયા છે. જો કે એનો કોઈ ચોક્કસ આંક હજુ બહાર આવ્યો નથી.

» ગુજરાતના આ ડ્રગ્સ સર્વેની સમાંતરે કેન્દ્ર સરકારનો CAG રિપોર્ટ પણ જાહેર થયો છે. આ 'કેગ' એટલે એવી સ્વતંત્ર એજન્સી જે કેન્દ્ર તથા રાજ્ય સરકારોના ખર્ચ ઓડિટ (હિસાબ તપાસણી) કરે છે. ગુજરાતના ડ્રગ્સ સિનારિયો વિશે આ 'કેગ'નો રિપોર્ટ કહે છે કે ગુજરાતમાં છેલ્લાં ૧૨ વર્ષમાં નશીલા પદાર્થનો જે જથ્થો ઝડપાયો હતો એમાંથી ૩૫% ગાયબ છે. આ 'ગાયબ'માંથી થોડો ચોરાઈ ગયો ને બાકીનો મૂષક મહારાજા 'ઓહિયા' કરી ગયા છે!

## ઈશિતાની એલચી

**યોગી ન બની શકો તો ચાલશે પણ કોઈ માટે ઉપયોગી તો બનો!!**